# ભિલોડામાં ગત રાત્રે દોઢ ઈંચ વરસાદ ખાબક્યો : પ્રજાજનોએ રાહતનો દમ લીધો

ભિલોડા,તા.૧૬

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં ગત રાત્રે દોઢ



ઈંચ વરસાદ ખાબક્યો હતો. પ્રજાજનો, ખેડુતો અને પશુપાલકોએ રાહતનો દમ લીધો હતો. ભિલોડા, શામળાજી, મેઘરજ, વિજયનગર પંથકમાં સાર્વત્રીક મેઘમહેર થયેલ હોવાના કારણે ખેડુતો ખુશખુશાલ જોવા મળતા હતા.

ગત રાત્રે વીજળી કડાકા, ભડાકા સાથે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં વાતાવરણમાં આહલાદ્‌ક ઠંડક પ્રસરી હતી. ભિલોડામાં ઠેર-ઠેર નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ભિલોડામાં ઠેર-ઠેર ગંદકીનું સામ્રાજ્ય ફેલાતા પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. મેઘરાજાએ ખુબ રાહ જોવડાવ્યા બાદ હેત વરસાવતાં ખેડુતો, પશુપાલકો અને પ્રજાજનોએ રાહતનો દમ લીધો હતો. ઠેર-ઠેર વરસાદી પાણી ભરાયા છે ત્યારે નાના બાળકો વરસાદના પાણીમાં છબછબીયા કરતા જોવા મળતા હતા. ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમી, બાફ, ઉકળાટભર્યા માહોલમાં પ્રજાજનો પરસેવાથી રેબઝેબ જોવા મળતા હતા. આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાતા હોવાના કારણે વધુ વરસાદ આવશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

સીમ વિસ્તારોમાં આવેલા ખેતરોમાં મુરઝાતા ખેતીના પાકોને જીવતદાન મળેલ છે. ખેડુતો મકાઈ, એરંડા, કપાસ, તુવેર, અળદ સહિત વિવિધ પ્રકારના બિયારણોની ધુમ ખરીદી ખેડુતો કરી રહ્યા છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે અમુક બે નંબરીયા વેપારીઓ ધ્વારા હલકી ગુણવંત્તાનું બિયારણ ખેડુતોને પધરાવી રહ્યા છે પરંતુ વહીવટી તંત્રના અધિકારીઓ આંખ આડા કાન કરતા હોવાનું લોકમુખે ચર્ચાય છે. સાબરકાંઠા અને



અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં સાર્વત્રીક મેઘમહેરના કારણે વાતાવરણમાં આહલાદ્‌ક ઠંડક પ્રસરી છે. વાવણીલાયક સાર્વત્રીક મેઘમહેરના કારણે ખેડુતો ખેતીકામમાં પરોવાયા છે.

## ટેટ-૦૨ ની પરીક્ષા કેન્દ્રો પર કલમ ૧૪૪ લાગુ કરાઈ

મહેસાણા, તા. ૧૬

મહેસાણા જિલ્લાના વિસનગર, ઉંઝા અને મહેસાણા જિલ્લાના ૩૦ કેન્દ્રો પર ૨૦ જુલાઈ ૨૦૧૪ના રોજ ટેટ-૦૨ની પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષામાં ૧૧૫૫૦ પરીક્ષાર્થીઓ ટેટ-૦૨ની પરીક્ષા આપનાર છે. પરીક્ષાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એસ.જે. પટેલે પરીક્ષા કેન્દ્રોના ૨૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષાના દિવસે કલમ ૧૪૪ લાગુ કરી છે.

આ ઉપરાંત ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા, પરીક્ષા સંબંધિત ચોરી ગણાય તેવી વસ્તુઓ અથવા ઈલેક્ટ્રોનિક વસ્તુઓ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય બિનઅધિકૃત માણસો પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહી. આ ઉપરાંત પરીક્ષામાં ચોરી કરવી કે કરાવવી તેમજ મદદગારી કરીને ભય પહોંચે તેવું કૃત્ય કરવું નહી તેમ આદેશ કર્યા છે. હુકમ ૨૦ જુલાઈ સવારે ૧૦ કલાકથી ૧૮.૩૦ કલાક સુધી લાગુ પડશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને માત્ર થશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ મહેસાણાએ જણાવ્યું હતું.

# મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘના વાલા દવલાપણું

## અમુક શિક્ષકોનું લવાજમ ન કાપવામાં આવતા રોષ

મોડાસા, તા. ૧૬

મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ સત્તાની ખેંચતાણનો અખાડો બની ગયું હોય તેમ મોડાસા તાલુકાના પ્રાથમિક શિક્ષકો પાસેથી દર વર્ષે શિક્ષક સંઘનું લવાજન લેવામાં આવે છે તે બધાજ શિક્ષકો પાસેથી ઉઘરાવવાની જગ્યા પર અમુક શિક્ષકોને બાકાત રાખી દેવામાં આવતા વિવાદ ઉભો થયો છે. આ અંગે શિક્ષકોના એક જૂથ દ્વારા પ્રમુખને નિશાન બનાવી ઉચ્ચકક્ષાએ રજુઆતો કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે.

મોડાસા તાલુકાના સાકરિયા ગામના આશિષભાઈ પટેલે મીડીયામાં આપેલ લેખિત નિવેદન મુજબ મોડાસા તાલુકા ટીચર્સ મંડળી દ્વારા આપવામાં આવતા ડીવીડન્ડમાંથી તાલુકા સંઘના મંત્રીની જવાબદારી બાજુ પર મુકી તાલુકા સંઘના પ્રમુખ પરેશ પટેલે ચૌક્કસ શિક્ષકોને બાજુ પર મુકી અન્ય શિક્ષકોનું લવાજમ કાપી લેવામાં આવ્યુંછે. જ્યારે અમુક શિક્ષકોનું કાપવામાં આવ્યુ નથી. આમ ભવિષ્યમાં આવતી ચૂંટણીમાં ડીવીડન્ડ ન ભરનાર શિક્ષકો વોટ ન આપી શકે તે માટે કારસો રચવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વાસ્તવમાં સંઘનું લવાજમ ઉઘરાણી ભરવાની સત્તા પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી, રાજેશ પટેલની હોય છે. જ્યારે પ્રમુખ પરેશ પટેલ જ વહબીવટ કરી નાખ્યો હોવાની ઉચ્ચકક્ષાએ રજુઆત કરાઈ છે. નવાઈની વાત તો એ છે કે પ્રા. શિક્ષક સંઘના મંત્રી રાજેશ પટેલે પણ લેખિત ખુલાસો આપી હાથ અદ્ધર કરી દેતા શિક્ષક આલમમાં લવાજમ ઉઘરાવી લેવા બાબતે બખેડો ઉભો થયો છે. આ વિવાદ બાબતે ભૂતકાળમાં ચૂંટણીમાં ટકરાયેલા જૂથે ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરી છે. આમ કોંગ્રેસ, ભાજપના રાજકારણની જેમ પ્રાથમિક શિક્ષક સંઘ પણ કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરવાના બદલે ચૂંટણીલક્ષી મતો મેળવવાનો અખાડો બન્યું છે.

# સમગ્ર ગુજરાતમાં સીવીએમ સંચાલિત મહિલા ઈજનેરી કોલેજ ત્રીજા ક્રમે

વલ્લભ વિદ્યાનગર, તા. ૧૫

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) સંચાલિત ગુજરાતની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ એમબીઆઈસીટી છેલ્લા સેમિસ્ટરનાં પરિણામમાં સમગ્ર ગુજરાતની ૮૬ ઈજનેરી કોલેજોમાં ૯૭.૧૯ ટકા સાથે ત્રીજા ક્રમે આવી હોવા બદલ સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે કોલેજના આચાર્ય તથા અધ્યાપકગણને તેમ જ તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જીટીયુ)એ તાજેતરમાં જાહેર કરેલાં સ્નાતક ઈજનેરી અભ્યાસક્રમના છેલ્લા સેમિસ્ટરનાં પરિણામમાં એમબીઆઈસીટી પરીક્ષામાં બેઠેલી કુલ ૪૬૩ વિદ્યાર્થીનીઓમાંથી ૪૫૦ વિદ્યાર્થીનીઓ પાસ થતાં આ કોલેજે સમગ્ર ગુજરાતની જીટીયુ સંલગ્ન કોલેજોમાં ત્રીજા ક્રમે આવીને ચારુતર વિદ્યામંડળનું ગૌરવ વધાર્યું હોવાનું એમબીઆઈસીટીનાં આચાર્ય ડૉ. શેફાલી સિંહલે જણાવ્યું હતું.

ગુજરાતની સૌ પ્રથમ મહિલા ઈજનેરી કોલેજમાં પાંચ કોમ્પ્યુટર સંબંધિત શાખાઓમાં સ્નાતક ઈજનેરી અભ્યાસક્રમ ચલાવાય છે. સીઈ, આઈટી, સીએસઈ, આઈસીટી અને ઈસી શાખામાં તેજસ્વી અને નિષ્ણાત અધ્યાપકગણ દ્વારા શિક્ષણ અને તાલીમ પામેલી અહીંની મહિલા ઈજનેરોને ટીસીએસ, માઈક્રોસોફ્ટ, આઈબીએમ સહિતની કંપનીઓમાં નોકરી માટેની ઉજ્જવળ તકો ઉપલબ્ધ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. ઉચ્ચ તંત્રજ્ઞાનની સુવિધાઓ ધરાવતી આ કોલેજમાં વિદ્યાર્થીનીઓ માટે સલામત શિક્ષણનો માહોલ ઉપલબ્ધ છે.

# યુ.પી.એસ.સી. ૨૦૧૩ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર યુવાનોનો સન્માન સમારંભ યોજાયો

મોડાસા, તા.૧૬

સંઘ લોક સેવા આયોગ (યુ.પી.એસ.સી.) ૨૦૧૩ની



પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ગુજરાતના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ તાજેતરમાં ગાંધીનગરની સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે યોજાયો હતો. જેમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સન્માન સમારંભ કાર્યક્રમમાં અધ્યક્ષ પદે પી.કે. પરમાર, મુખ્ય મહેમાનપદે અનિલ પ્રથમ, અતિથિ વિશેષ પદે અરુણ કુમાર સોલંકી, સતિષ પટેલ, અલ્પેશ પરમાર, એમ.બી. પરમાર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે વર્ષ ૨૦૧૩માં (યુપીએસસી)ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ગુજરાતના યુવાનોને પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. દરમિયાન ઉત્તીર્ણ થનાર ગુજરાતના યુવાનોએ આ પ્રસંગે પોતાના અનુભવો પણ રજૂ કર્યા હતા અને આવનાર પેઢીને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

કાર્યક્રમમાં સમતા એજયુ. ટ્રસ્ટે પણ સહયોગ આપ્યો હતો. જયારે આર.કે. પરમાર, ડી.ડી. કાપડીયા, એમ.ડી.મોડીયા, ગુણવંત વાઘેલા, અશ્વિન પરમાર વગેરે એ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના ટ્રસ્ટી પૂનમચંદ પટેલ અને હસમુખ સકસેનાનું પણ વિશેષ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત પ્રવિણભાઈ શ્રીમાળીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

## બામણા-પુનાસણ આટ્‌ર્સ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા.૧૬

શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુંરામ જોષી આટ્‌ર્સ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. બામણા-પુનાસણ આટ્‌ર્સ એન્ડ કોમર્સ કોલેજ પ્રિન્સિપાલ તેમજ સ્ટાફ પરીવારે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

## બામણા-પુનાસણ આટ્‌ર્સ એન્ડ કોમર્સ કોલેજમાં ગુરૂપુર્ણિમાદિનની ઉજવણી યોજાઈ

ભિલોડા, તા.૧૬

શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુંરામ જોષી આટ્‌ર્સ એન્ડ કોમર્સ કોલેજમાં તા.૧૫/૭/૨૦૧૪ ને મંગળવારના રોજ ગુરૂપુર્ણિમાદિનની ઉજવણી યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ પુષ્પગુચ્છથી ગુરૂઓનું અભિવાદન કરેલ હતું.

# બનાસ નદી પુલ પર ટ્રક સાથે અકસ્માતમાં મોટરસાઈકલ સળગી ઉઠતા એકનું મોત



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૧૬

બનાસકાંઠાના ડીસા પાસે આવેલ બનાસ નદીના પુલ પર મોટરસાઈકલમાં આગ લાગતા ઘટનાસ્થળે જ એકનું મોત નીપજ્યું હતું, જ્યારે તેની સાથેનો અન્ય વ્યક્તિ ઘાયલ થયો હતો. આ અકસ્માતમાં મોટરસાઈકલ આગમાં લપેટાતા બન્ને સવાર વ્યક્તિ સળગી હતી.

ડીસાના બનાસ નદીના પુલ પર ડીસાના શિવનગરમાં રહેતા બે યુવકો ડિસ્કવર બાઈક લીને આવી રહ્યા હતા તે દરમ્યાન બાઈક ટ્રક સાથે અથડાતા બાઈક સ્લીપ ખાતા બાઈકમાં રહેલ વાયરીંગમાં સ્પાર્ક થતા આગ લાગતા ઘટના સ્થળે જ બાઈક પર બેસેલ ડીસા શિવનગરમાં રહેતા નટવરભાઈ મનજી બારોટનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું, જ્યારે બાઈક બળીને રાખ થઈ ગયું હતું. પુલ પર બાઈકમાં આગ લાગતા લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક ખુલ્લો કરાવી ઘાયલ યુવકને સારવાર અર્થે ડીસા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે ડીસા તાલુકા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરૂવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

# તલોદમાં ખુલ્લેઆમ રખડતા ઢોરોથી રહિશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

## આવન-જાવન માર્ગો ઢોરોથી ચક્કાજામ : મુસાફરો મુશ્કેલીમાં

તલોદ, તા. ૧૬

તલોદ પાલિકામાં રખડતા ઢોરોથી સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આવન-જાવન વાળા જાહેરમાર્ગો પર ઢોરોની જમાવટથી મુસાફરો મુશ્કેલીમાં મુકાય છે. ઘણીવાર ઢોરે મદમસ્ત બની જતા લોકોને જખ્મી પણ બનાવે છે. ગલીઓ-મહોલ્લાઓમાં ઢોરો ચક્કાઝામ કરી ઉભા રહી જતા ગંદકીભર્યુ પણ વાતાવરણ ઉભુ કરી દે છે. તંત્ર દ્વારા આવા રખડતા ઢોરોને ઝબ્બે કરી ઢોર માલિકોને દંડીત કરવાના પ્રયાસો આદરવા તલોદના રહિશોની માંગ છે.

તલોદ પાલિકામાં ગિચ વિસ્તારોથી માંડીને જાહેર માર્ગો પર ચોવિસે કલાક રખડતા ઢોરો રહિશોના જન-જીવન પર માઠી અસર પહોંચાડે છે. વારંવાર મદમસ્ત બનેલા ઢોરો નજીવી હરકતોથી લોકોને જખ્મી પણ બનાવ્યા છે. ઘરડા લોકોને આવા ઢોરોએ સિવિલ ભેગા પણ કરી દીધા છે. જખ્મી લોકો આવા ખૂલ્લેઆમ છોડી મુકતા ઢોરોને ઝબ્બે કરવા અને માલિકોને ઢોરો છોડી મુકવા અંગે દંડીત કરવાના પ્રયાસો આદરવા જોઈએ. નાના-મોટા વ્હિકલો અને બાળકો પણ ભયભીત બન્યા છે. કેટલાકના ઘર આગળ જ અડીંગા જમાવી બેઠેલા ઢોરો મદમસ્ત બની જતા આજુબાજુથી તેમનું કૃત્ય જોવા લોકો એકઠા પણ થઈ જાય છે.

તલોદ પાલિકાના કેટલાક માર્ગો પર ઢોરની દિવસે-દિવસે આવન-જાવન વધવા પામી છે. ઠેર-ઠેર ઢોરોના અડિંગા અને સમૂહોમાં ફરતા લોકોના આવન-જાવન મુશ્કેલીમાં મુકાયા છે અને ઝખ્મી હોવાનો ભય પણ ફેલાયો છે. ઘણીવાર આવા મદમસ્ત બનેલા ઢોરોના ધિંગાણાથી રહિશોને ઘરમાં ઘુસી જવું પડે છે. સત્વરે તલોદ પાલિકા આવા મદમસ્ત ઢોરો અને ઢોર માલિક વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરવી જોઈએ.

# ડીસાના આસેડા ગામે બસ રોકો સૂત્ર સાથે તોડ-ફોડ : પોલીસે હાઈવે ખુલ્લો કરાવ્યો

ડીસા, તા. ૧૬

ડીસાથી પાટણ જતા રોડ પર આજે આસેડા ગામ નજીક વિદ્યાર્થીઓ જ્યારે બસની રાહ જોતા ઉભા હતા તેવા સમયે ખીચોખીચ ભરેલી આવતી બસ રોકાયેલ નહિ. આમ બસ ન રોકાતા વિદ્યાર્થી ગુસ્સે થયા હતા અને તે બાદ ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ રોડ પર ચક્કાજામ સર્જ્યો હતો. અને વાહન વ્યવહાર બંધ કરાવાતા પોલીસ દોડી આવી હતી. અને બસના કાચ ફૂટ્યા હતા જેનાથી ભારે અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો.

આ ઘટનાની વિગતોમાં આસેડા ગામે આવેલી સરસ્વતી સ્કૂલમાં આજુબાજુના ગામના વિદ્યાર્થી અભ્યાસ અર્થે બસમાં આવે છે. જો કે આ રૂટ ગીચ ટ્રાફઈક ધરાવતો હોઈ બસો ખીચોખીચ મુસાફરો ભરેલા હોય છે, જેમાં આજે પણ તે સ્થિતિએ બસો આસેડા ગામેથી પસાર થતા અને વિદ્યાર્થીઓ એ બસ થોભાવવા હાથ કરતા બસો રોકાઈ નહિ. જેથી વિદ્યાર્થી ઉશ્કેરાયા હતા અને તે બાદ બસો રોકવા એક બે નહિ પણ ૧૦૦ થી વધુ વિદ્યાર્થી રોડ પર ઉતરી આવ્યા હતા. જેથી હંગામો સર્જાયો હતો અને ડીસા તાલુકા પોલીસ ઈન્સ્પેક્ટર આર.એમ. ભદોરિયા પોલીસ સ્ટાફ સાથે દોડી આવ્યા હતા અને વિદ્યાર્થીઓને સમજાવી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. આ ધમાલમાં એક બસના કાચ તુટ્યા હતા. જો કે પી.આઈ. રઘુવીરસિંહ ભદોરિયાની સમજાવટથી વિદ્યાર્થી માની ગયા હતા અને પોતાનું આંદોલન સમેટ્યુંહતું. જો કે આ બબાલ સર્જાતા ડીસાથી પાટણ જતો રસ્તો અડધો કલાક સુધી ચક્કાજામ સ્થિતિમાં હતો જેનાથી ભારે અફરા-તફરી ફેલાઈ હતી. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)



## મહિલા સશક્તિકરણ સેમિનાર

પ્રાંતિજ ખાતે આવેલ તાલુકા પંચાયત સભાખંડમાં 'ગતિશીલ ગુજરાત' સો દિવસનો લક્ષ્યાંક અંતર્ગત મહિલા સશક્તિકરણ સેમિનાર કાળુસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. સેમિનારમાં મોટી સંખ્યામાં આમંત્રિતો અને મહિલાઓ હાજર રહી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## નાયબ કલેક્ટર અને કટાર લેખક પંકજ ઔધિયાનો રવિવારે સવારે સીવીએમના સીડીસીમાં નિઃશુલ્ક માર્ગદર્શન કાર્યક્રમ

વલ્લભ વિદ્યાનગર, તા. ૧૬

ભરૂચના જિલ્લા પુરવઠા અધિકારી અને યુપીએસસી-જીપીએસસીની પરીક્ષાઓ માટે આકાંક્ષી યુવાપેઢી માટે માર્ગદર્શક-કટારલેખક શ્રી પંકજ ઔધિયા રવિવારે સવારે ૧૦ થી ૧૧.૩૦ દરમિયાન ચારુતર વિદ્યામંડળ સંચાલિત એચ.એમ. પટેલ કેરિયર ડેવલપમેન્ટ સેન્ટર (સીડીસી) ખાતે સનદી સેવાઓમાં જોડાવા ઈચ્છુકોનું માર્ગદર્શન કરશે.

નાયબ કલેક્ટર ઔધિયા સનદી સેવાઓના માર્ગદર્શક તરીકે જાણીતા છે. જીપીએસસી અને યુપીએસસી પરીક્ષાઓ આપવા ઉત્સુક યુવાપેઢી માટેના આ નિઃશુલ્ક માર્ગદર્શન કાર્યક્રમનો લાભ લેવા ઈચ્છનાર યુવક-યુવતીઓને સવારે ૯.૪૫ કલાકે બીજેવીએમ સામે આવેલા સીડીસી ભવનમાં પહોંચીને નોંધણી કરાવી લેવા સીડીસીના નિયામક ડૉ. હરિ દેસાઈએ જણાવ્યું છે.

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્‌ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્‌ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્‌ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧